જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૨/૨૦૧૯ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** સમાચાર યાદી નં.૨૦૫૪/૧૯

# એકલ-દોકલ રાહદારીને વાતોમાં ભોળવી વિશ્વાસમાં લઈ પૈસા-દાગીના કઢાવી લેતી ગેંગના બે સાગરિતોને સોનાની ચેઈન, પેંડલ, વીંટી તથા ઓટોરિક્ષા મળી કુલ કિં.રૂ.૭૨૪૦૦/- ની મત્તાનો મુદ્દામાલ રીકવર કરી કુલ-૨ ગુનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમબ્રાન્ચ.

એકલ-દોકલ ઉંમરલાયક રાહદારીઓને વાતોમાં ભોળવી તેઓનો વિશ્વાસ કેળવી તેઓ પાસેથી છેતરપીંડીથી સોનાના દાગીના તથા કિંમતી ચીજવસ્તુઓ કઢાવી લઇ છેતરપીંડી વિશ્વાસઘાતના ઘણા ગુન્હાઓ બનવા પામેલ હોય આ ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ શ્રી અજય તોમર ખાસ પોલીસ કમિશ્નર ક્રાઈમ બ્રાન્ચ તથા શ્રી દીપન ભદ્રન નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી બી.વી.ગોહિલ મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ. શ્રી આર.એસ.સુવેરા તથા સ્કોડના માણસો આ ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા.

દરમ્યાન તેઓના સ્કોડના પો.કો.રાજેન્દ્રસિંહ વિક્રમસિંહ તથા પો.કો.રમેશકુમાર હિરદેરામ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે નોબલનગર ખાતેથી આરોપીઓ (૧) દોલત ઉર્ફે ગુલશન સ/ઓ વિરચંદભાઈ કનૈયાલાલ સોલંકી (બાવરી) ઉ.વ.૩૫ રહે. ૩૬૬ નહેરુનગરના છાપરા પમ્પીંગ સ્ટેશનની બાજુમાં કુબેરનગર નરોડા અમદાવાદ શહેર તથા (૨) પુનમ ઉર્ફે પુનિયો સ/ઓ રાજુભાઈ કિશનભાઈ રાઠોડ (બાવરી) ઉ.વ.૨૮ હાલ રહે. કુબેરનગર કેવલ કચોરીની સામે કમુભાઈ સિંધીના મકાનમાં કુબેરનગર અમદાવાદ શહેર મુ.રહે. ગાયત્રીનગરના છાપરા ટેકરા ઉપર સરખેજ અમદાવાદ શહેર નાઓને તા.૦૩/૧૨/૨૦૧૯ ના રોજ પકડી પાડી તેઓ પાસેથી સોનાની સોનાની ચેઈન તથા પેંડલ તથા વીંટી મળી કિં.રૂ.૩૨૪૦૦/- ના દાગીના તથા ઓટોરિક્ષા કિં.રુ.૪૦૦૦૦/- મળી કુલ કિં.રુ.૭૨૪૦૦/- ની મત્તાનો મુદ્દામાલ રિકવર કરેલ છે.

## કુલ ૦૨ ગુનાઓનો ભેદ ઉકેલાયો

(૧) આજથી આશરે આઠેક દિવસ અગાઉ જુના વાડજ સોરાબજી કંપાઉન્ડ પાસે એક ઉંમરલાયક બહેન ચાલતાં જતાં હોય તેઓને વાતોમાં ભોળવી રિક્ષામાં બેસાડી આ બહેને પહેરેલ સોનાની ચેઈન પેંડલ સાથેની તથા વીંટી કઢાવી લીધેલ અને એક રુમાલમાં પોટલી બાંધી તેના બદલે કાંકરાવાળી પોટલી આ બહેનને આપી દાગીનાની પોટલી લઈ છેતરપીંડી કરેલ. જે બાબતે વાડજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૨૧/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૪૦૬,.૪૨૦,૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ છે.

(૨) આશરે દશેક માસ અગાઉ સી.ટી.એમ. ખાતે બેંક ઓફ બરોડા ખાતે એક ગ્રાહકને નોટોનું બંડલ બતાવી બેંકથી થૉડે દુર લઈ જઈ આ ભાઈને વિશ્વાસમાં લઈ તેઓ પાસેથી રોકડ રકમ રૂ.૧૦,૦૦૦/- લઈ લીધેલ અને કાગળનું બંડલ આપી છેતરપીંડી કરી નાસી ગયેલ. જે બાબતે રામોલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૧/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૪૦૬,.૪૨૦,૧૧૪ મુજબનો ગુનો શોધાયેલ છે.

## શોધાયેલ ગુના

(૧) વાડજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૨૧/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૪૦૬,.૪૨૦,૧૧૪ (૨) રામોલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૧/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૪૦૬,.૪૨૦,૧૧૪

## પકડાયેલ આરોપીઓની એમ.ઓ

આ કામે પકડાયેલ આરોપીઓ અન્ય લેડીઝ આરોપીઓ સાથે રિક્ષામાં બેસી રાહદારીઓને ટાર્ગેટ કરતા હતા અને તેઓ એકલ-દોકલ રાહદારીને વાતોમાં ભોળવી વિશ્વાસમાં લેતા હતા અને પોતાની પાસે ચોરીના દાગીના કે પૈસા છે તેમ જણાવી નોટોનું બંડલ તેમજ દાગીના બતાવતા અને રાહદારી પાસેથી દાગીના કઢાવી તે દાગીના રુમાલમાં વીંટી પરત આપતી વખતે આ દાગીનાના પડીકાની જગ્યાએ બીજું પડીકું આપી નજર ચુકવી દાગીના વાળુ પડીકું લઇ મોકો જોઈ ત્યાંથી નીકળી જતા હતા. આ ગુનાઓ કરવામાં તેઓની સાથે મહિલાઓ પણ સામેલ રહે છે.

## પકડાયેલ આરોપીઓનો ગુનાહીત પુર્વ ઈતીહાસ

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી નં.(૨) પુનમ ઉર્ફે પુનિયો આજથી ૧૬-૧૭ વર્ષ અગાઉ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં એક છોકરીને ભગાડી લઈ જવાના ગુનામાં પકડાયેલ હતો અને આ ગુનામાં બે અઢી વર્ષ સુધી જેલમાં રહેલ. તેમજ પંદરેક વર્ષ અગાઉ કલોલ પો.સ્ટે. માં ચોરીના ગુનામાં તથા સરદારનગર પોલીસ સ્ટેશનમાં દારુ પીધેલાના ગુનામાં પકડાયેલ છે.

આ આરોપીઓએ આ સિવાય બીજા પણ આવા પ્રકારના ગુનાઓ આચરેલ છે કે કેમ? તેમજ તેઓની સાથે બીજા અન્ય આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ હોય બીજા પણ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.



**અમરાઇવાડી પોલીસ સ્ટેશન :**

# અપહરણના ગુનામાં બિહાર ખાતેથી ભોગ બનનાર તથા આરોપીને શોધી કાઢતી અમરાઇવાડી પોલીસ

અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૫૫/૨૦૧૯ ઇપીકો કલમ ૩૬૩ મુજબના ગુનામાં અમરાઇવાડી પોલીસ સ્ટેશનના પો.ઇન્સશ્રી આર.ટી.ઉદાવત તથા તેમની ઇન્વેસ્ટીગેશન ટીમના માણસોએ કોલ ડિટેલ આધારે તપાસ કરતા ગુમ થનાર બિહાર રાજ્યમાં હોવાનું જાણવા મળતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની લેખીત મંજુરી મેળવી તેઓ સાહેબના હુકમ અનુસાર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડિવીઝન તથા નાઓએ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સપેકટર આર.ટી.ઉદાવત સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ એ.આર.ચૌધરી તથા અ.પો.કો નાજુભાઇ ડોહલભાઇ તથા અ.પો.કો વિક્રમસિંહ દિલીપભાઇ તથા વુ.લો.ર પુજાબેન પ્રવિણભાઇ તથા આ.પો.કો કેતનભાઇ લાભુભાઇ તથા આ.પો.કો મહેશભાઇ ગણેશભાઇ નાઓની ટીમ બિહાર રાજ્યના સીતામઢી જીલ્લામાં અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારમાં જઇ આયોજન પુર્વક ૪૫ કિ.મી વિસ્તારના બે અલગ-અલગ ગામમાં બે અલગ-અલગ ટીમો બની બંન્ને સ્થળે રાત્રીના એક જ સુસંગત સમયે છાપો મારી ગુમ થનાર ફરીયાદીની સગીર વયની દિકરી તથા તેણીને ભગાડી લઇ જનાર આરોપી નવીન નથુરાય યાદવ નાઓને શોધી કાઢી મેળવી લાવી ખુબ જ પ્રશંશનીય કામગીરી કરેલ છે જે અંગે આગળની કાર્યવાહી હાથ ધરેલ છે



**મર્ડરના ગુનામાં પકડાયેલ અને વચગાળાના જામીન**
**જમ્પ થઇ નાસતા ફરતા કાચા કામના કેદીને પકડી પાડતી**
**અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ**

પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા ખાસ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો વચગાળા જામીન જમ્પ થયેલ આરોપીને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પો.સ.ઇ. શ્રી બી.એમ.પટેલ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન હે.કો. મયુરધ્વજસિંહ રાજેન્દ્રસિંહ તથા હે.કો. વિરેન્દ્રસિંહ દિલીપસિંહ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે આરોપી ઇશ્વરભાઇ વિરાભાઇ વાઘેલા ઉ.વ.૨૨ ધંધો.બેકાર, રહે. વાડા વિસ્તાર, સપના ટોકીજ પાસે, સરખેજ, અમદાવાદ શહેર, હાલ રહે. નહેરૂનગર, કૈવલ કચોરીની પાસે, કુબેરનગર, અમદાવાદ શહેર વાળાને ઝડપી લેવામાં આવેલ. સદરી ઇસમની પુછપરછ કરતાં પોતે સરખેજ પોલીસ સ્ટેશન, ફ.ગુ.ર.નં.૧૦૨/૨૦૧૭ ઇ.પી.કો કલમ ૩૦૨, ૩૦૭, ૧૨૦(બી) મુજબના મર્ડરના ગુન્હામાં પકડાયેલ અને જેમાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં કાચા કામના કેદી તરીકે હતો અને તા.૧૨/૧૦/૨૦૧૯ થી દિન.૬ ના વચગાળાના જામીન મેળવેલ અને રજા પુરી થયા બાદ જેલમાં હાજર નહી થઇ વચગાળાના જામીન જમ્પ કરી નાસતો ફરતો હોવાની હકીકત જણાવેલ. જેથી સદરી આરોપીને આજરોજ તા.૦૪/૧૨/૨૦૧૯ ના રોજ ઝડપી પાડી સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે. તા.૦૪/૧૨/૨૦૧૯

**<u>ગુના નિવારણ શાખા :</u>**

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા સાહેબ નાઓએ તા.૩.૧૨.૧૯ ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમા વારંવાર શરીર સબંધી/મિલ્કત સબંધી/પ્રોહીબીશન ની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો જેમા શરીર સબંધી- ૪ ,મિલ્કત સંબધી-૧, પ્રોહીબીશન- ૨ મળી કુલ્લે ૭ ઇસમોને પાસા હેઠળ અટક કરવા હુકમ કરી, આ ઇસમોને રાજ્યની ભુજ, સુરત, વડોદરા તથા રાજકોટ જેલ ખાતે કેદ રહેવા સારુ મોકલવા તજવીજ કરાવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.